सत्यमेव जयते

કે.ડી કાપડીયા, આઈ.એ.એસ.
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા
ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧૬,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય,
ગાંધીનગર- ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯ ૨૩૨૫૬૩૦૯
ઇ.મેલ:dir-sd@gujarat.gov.in

**પરિપત્ર**

નં.મકમ/ઉ.પ.ધોરણ વર્ગ-૪/૨૦૧૮-૧૯/૨૯૯૩
તા.૨૨/૦૫/૨૦૧૮

વિષય: સમાજ સુરક્ષા ખાતા હસ્તકની જિલ્લાની કચેરીઓના વર્ગ-૪ના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબત

સંદર્ભ: અત્રેની કચેરીના તા.૧૧/૦૮/૧૯૯૨ના આદેશ નં.મકમ/પરચ/૪/૯૧/૯૨૦૧

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સમાજ સુરક્ષા ખાતા હસ્તકની જિલ્લાની કચેરીઓના વર્ગ-૪ના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની સત્તા સંદર્ભ પત્રથી જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સુપ્રત કરવામાં આવેલ હોઈ વર્ગ-૪ના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની કાર્યવાહી જે તે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ કરવાની રહેશે. આ સાથે પરીપત્રની નકલ સામેલ રાખેલ છે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ:
૧) ઉપર મુજબ

પ્રતિ:
૧) તમામ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તથા સંદર્ભ પત્ર અન્વયે કાર્યવાહી કરવા સારૂ.
૨) તાબાની તમામ સરકારી સંસ્થા/કચેરીઓ તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

વંચાણમાં:-

૧. નાણાં વિભાગના તા. ૫-૭-૯૨ ના ઠરાવ નં. એઓપી/૧૧૯૨/૧૦-મ.

૨. નાણાં વિભાગના તા. ૩૧-૧૦-૯૧ ના ઠરાવ નં. એઓપી/૧૦૯૧/૨૦-મ.

૩. " તા. ૬-૫-૯૨ ના ઠરાવ નં. પગર/૧૧૯૨/૧૦-મ.

૪. વડી કચેરી, અમદાવાદના તા. ૨૩-૧૨-૯૨ ના પરિપત્ર નં. મકમા હા. ગ્રાં. કા. કન્સેશન/૧૪૯૯૨

૫. મકમા/પગાર/૧૪/૯૩/૨૦૧ અમદાવાદ, તા. [illegible]

## આ દે શ.

બઢતીની તકોનો અભાવ અથવા બઢતીની મર્યાદિત તકોનો પ્રશ્ન હલ કરવા માટે અમલમાં મુકેલ ઉચ્ચતર પગાર ધોરણની યોજના સરકારશ્રીના નાણાં વિભાગના વંચાણે-૧ થી ૩ પરના ઠરાવોથી તા. ૧-૬-૮૭ થી અમલમાં મુકવામાં આવેલ છે.

૨. ખાતાની સરકારી સંસ્થાઓ / કચેરીઓ ખાતે વર્ગ-૪ ની જગા પરના કર્મચારીઓને પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાની સત્તાઓ વંચાણે-૪ માં જણાવેલ પરીપત્રથી સ્થાનિક જિલ્લાના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સોંપવામાં આવેલ. હવે નાણાં વિભાગના તા. ૬-૫-૯૨ ના ઠરાવ નં. પગર/૧૧૯૨/૧૦-મ થી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાની જોગવાઈ કરેલ હોય, ખાતાની વર્ગ-૪ ની નીચે જણાવેલ જગાઓ પર કામ કરતા કર્મચારીઓ કે જેઓએ પ્રવર્તમાન પગાર ધોરણની જગા પર નવ, અઢાર અને સત્તાવીસ વર્ષ પુરા કરતા હોય તેવાઓને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવાની સત્તાઓ સ્થાનિક જિલ્લાના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને સુપ્રત કરવામાં આવે છે.

...૨

૩. ઉપરોક્ત ફ.નં. ૨ માં જણાવેલ વર્ગ-૪ ની જુદી જુદી જગાઓ પરના વર્ગ-૪ ના કર્મચારીઓને તેઓની માંગણી મુજબ વર્તણુક સબબ વહીવટી કારણોસર અરસ-પરસ બદલીને પાત્ર હોય, પ્રવર્તમાન પગાર ધોરણની જુદી જુદી જગાઓ પર બજાવેલ ફરજો નવ વર્ષ અઢાર વર્ષ અને સત્તાવીસ વર્ષ માટે ગણતરીમાં લેવાની રહેશે અને તેઓને ઉપર મુજબના પાત્રતાને આધારે ઠરાવ-૨ ના ૩ ના ઠરાવોની શરતો અને જોગવાઇઓને આધીન ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવાનું રહેશે.

૪. ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા અંગેની પસંદગી સમિતિ વડી કચેરીના તા. ૨૬-૩-૮૮ ના આદેશ નં. નકમ/ફો/એફ/૩૨૧૪ મુજબની રહેશે.

સહી. શ્રી. એમ. શાહ,
નિયામક,
સમાજ સુરક્ષા ખાતું, ગુ. રા. અમદાવાદ.

નકલ રવાના :-

૧. સર્વે સરકારી સંસ્થાઓ/કચેરીઓના વડાઓને જાણ તથા કાર્યવાહી સારૂ.
૨. સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને.
૩. સર્વે હિસાબના વડાઓને જાણ સારૂ.
૪. સંબંધ ફાઇલ.
૫. આદેશ ફાઇલ.
૬. સર્વે જિલ્લાઓના હિસાબી અધિકારી, લોકલ ફંડ.

નિયામકવતી,
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

ખરી નકલ,

બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ
જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી
હિંમતનગર. જી. સાબરકાંઠા.